RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
E-mail Id: mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક

Year : 15, Issue : 153, Dt.12-09-2024 Thursday Page : 4 Retail Selling Price : Rs. 3/- Published Date : DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

## બજાજ હાઉસીંગ ફાઈનાન્સના IPOએ રેકોર્ડ તોડ્યો

### ૬૫૬૦ કરોડ સામે ૩.૨ લાખ કરોડ ઠલવાયા : બજાજ ગ્રુપની કંપનીના શેર લાગશે તે માલામાલ થશે; ગ્રે માર્કેટમાં ‘ડબલ’થી વધુ પ્રિમીયમ

નવી દિલ્હી તા. ૧૨ : બજાજ ગ્રૂપના નોન ડિપોઝીટ NBFC બજાજ હાઉસિંગ ફાઈનાન્સના IPOને રોકાણકારો તરફથી ઉત્તમ પ્રતિસાદ મળ્યો હતો. ઈશ્યુ શરૂ થયાના પહેલા જ દિવસે, કર્મચારીઓ સિવાય તમ્બમાં દરેક કેટેગરી માટે અનામત ભાગ સંપૂર્ણપણે ભરાઈ ગયો હતો, જયારે બે દિવસમાં પણ કર્મચારીઓનો ક્વોટા સંપૂર્ણ રીતે ભરી શકાયો નથી. છેલ્લા દિવસે કર્મચારીઓનો હિસ્સો ઓવરસબ્સ્ક્રાઈબ થયો હતો. એકંદરે આ ઈસ્યુ ૬૩.૫૫ વખત સબસ્ક્રાઈબ થયો હતો. ૬૫૬૦ કરોડના આ IPOને ૩ લાખ કરોડ રૂપિયાની રેકોર્ડ બિડ મળી હતી.

છે. હવે જો આપણે ગ્રે માર્કેટ વિશે વાત કરીએ, તો તેના શેર્સ ૭૪ રૂપિયાના GMP (ગ્રે માર્કેટ પ્રીમિયમ) પર છે એટલે કે IPO ના અપર પ્રાઈસ બેન્ડથી ૧૦૫.૭૧%. જોકે, બજારના નિષ્ણાતોના મતે, ગ્રે માર્કેટમાંથી મળેલા સંકેતોને બદલે કંપનીના ફંડામેન્ટલ્સ અને નાણાકીય પરિણામોના આધારે રોકાણના નિર્ણયો લેવા જોઈએ. તેના IPO માટે પ્રાઈસ બેન્ડ રૂા. ૬૬-રૂા. ૭૦ છે. બજાજ હાઉસિંગ ફાઈનાન્સના રૂા. ૬,૫૬૦.૦૦ કરોડના IPOની પ્રાઈસ બેન્ડ રૂા. ૬૬-રૂા. ૭૦ અને ૨૧૪ શેર હતી. IPO હેઠળ શેરની ફાળવણી ૧૨ સપ્ટેમ્બરના રોજ આખરી થશે. ત્યારબાદ ૧૬મી સપ્ટેમ્બરે IPO અને ગજઊ પર એન્ટ્રી થશે. ઈસ્યુના રજીસ્ટ્રાર Kfinit Tech છે. આ IPO હેઠળ રૂ. ૩,૫૬૦.૦૦ કરોડના નવા શેર જારી કરવામાં આવશે. આ સિવાય ઓફર ફોર સેલ વિન્ડો હેઠળ રૂ. ૧૦ની ફેસ વેલ્યુ ધરાવતા ૪૨,૮૫,૭૧,૪૨૯ શેર વેચવામાં આવશે.

આ IPO માટે બિડિંગનો છેલ્લો દિવસ ગઈકાલે એટલે કે ૧૧મી સપ્ટેમ્બર હતો. તે દિવસ સુધી બજાજ હાઉસિંગ ફાઈનાન્સનો IPO ૬૩.૬૧ કરતા વધુ વખત સબસ્ક્રાઈબ થયો હતો.બજાજ હાઉસિંગ ફાયનાન્સના IPOને જબરદસ્ત પ્રતિસાદ મળ્યો છે. સબ્સ્ક્રિપ્શનના છેલ્લા દિવસે, રોકાણકારો આ IPOમાં નાણાંનું રોકાણ કરવા માટે ઉમટી પડ્યા હતા. મહત્તમ QIB કેટેગરી ૨૨૨ વખત ભરવામાં આવી છે. જયારે NII કેટેગરી ૪૩.૯૨ ગણી ભરાઈ છે, જયારે છૂટક ભાગ લગભગ ૭.૩૨ ગણો ભરાયો છે. એકંદરે આ IPO ૬૭.૩૭ ગણો ભરાયો છે. લગભગ ૭ ગણો રિટેલ શેર ભરવાને કારણે




સામાન્ય રોકાણકારોને શેર ફાળવવાની શક્યતા વધી ગઈ છે.

બજાજ હાઉસિંગ ફાઈનાન્સના IPOને ક્વોલિફાઈડ ઈન્સ્ટિટ્યૂશનલ બાયર કેટેગરીમાં આ વર્ષનો શ્રેષ્ઠ પ્રતિસાદ મળ્યો છે. અગાઉ, Tata Technologies“p¡ IPO 203 વખત સબ્સ્ક્રાઈબ થયો હતો અને Premier Energiesનો IPO ૨૧૨ વખત સબસ્ક્રાઈબ થયો હતો.

ત્રીજા દિવસે જંગી સબસ્ક્રિપ્શન સાથે, બજાજ હાઉસિંગ ફાઈનાન્સ IPOના ગ્રે માર્કેટ પ્રીમિયમમાં મોટો ઉછાળો આવ્યો છે. જો GMPને આધાર તરીકે લેવામાં આવે તો જે રોકાણકારોને IPO ફાળવવામાં આવશે, તેમના નાણાં લિસ્ટિંગના દિવસે બમણા થઈ શકે છે. તેની જીએમપી વધીને રૂ. ૭૪ થઈ ગઈ છે, જે અપર પ્રાઈસ બેન્ડ કરતાં વધુ છે. IPOની અપર પ્રાઈસ બેન્ડ રૂ. ૭૦ છે. અગાઉ મંગળવારે જીએમપી પણ રૂ.૭૦ હતો. જો બજાજનો IPO વર્તમાન GMP પર લિસ્ટેડ છે, તો તેના શેરની કિંમત રૂા. ૧૪૪ પ્રતિ શેર હોઈ શકે છે, જેનો અર્થ છે કે આ IPO લિસ્ટ થતાની સાથે જ લગભગ ૧૦૫ ટકા નફો કરી શકે છે. આ IPOનું લિસ્ટિંગ સોમવાર ૧૬ સપ્ટેમ્બરે થવાનું છે.

## ગુજરાતમાં ગણેશોત્સવની ઉજવણી બાદ હવે કર્ણાટકમાં તોડફોડ અને બબાલ: પોલીસ પર હુમલો

### માંડયામાં મોડીરાત્રે મામલો બીચકયો: પ્રતિબંધાત્મક આદેશો જારી

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

ગુજરાતનાં ચારેક શહેરોમાં ગણેશોત્સવ ઉજવણીમાં કોમી તનાવનો ઘટનાક્રમ હવે કર્ણાટકમાં શરૂ થયો હોય તેમ રાજયના માંડપામા ગણેશ વિસર્જન દરમ્યાન તોફાનો ફાટી નીકળ્યા હતા.દુકાનો-વાહનોને આગજની, પોલીસ સાથે ઘર્ષણ વચ્ચે તનાવ સર્જાયો હતો. સમગ્ર ક્ષેત્રમાં સુરક્ષા જવાનોના ધાડા ઉતારી દઈને ચુસ્ત બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો હતો.

કર્ણાટકનાં માંડયામાં મોડીરાત્રે મામલો બીચકયો હતો ગણેશ મહોત્સવ દરમ્યાન કેટલાંક અસામાજીક તત્વોએ તોફાનો શરૂ કર્યા હતા. દુકાનો-વાહનોમાં તોડફોડ સાથે સળગાવાયા હતા.પોલીસ પર પણ હુમલો કર્યો હતો.

તેમાં કેટલાંક જવાનો ઘાયલ થયા હતા. આ ઘટનાક્રમને પગલે મોટી સંખ્યામાં સુરક્ષા જવાનોને તૈનાત કરવામાં આવ્યા હતા અને જુદી જુદી કલમો લાગુ કરીને બંદોબસ્ત વધારી દેવામાં આવ્યો હતો. શહેરમાં પ્રતિબંધાત્મક હુકમો વચ્ચે પણ ભારેલા અગ્નિની પરિસ્થિતિ હતી. તોફાનીઓએ ચાકુ જેવા હથીયારોનો પણ ઉપયોગ કર્યો હતો કેટલાંક શખ્સોની અટકાયત કરવામાં આવી છે. ગુજરાતમાં પણ છેલ્લા દિવસોમાં સુરત, વડોદરા, ભરૂચ તથા કચ્છમાં



ગણેશોત્સવ પર પથ્થરમારો તથા તોડફોડની ઘટનાઓ બની હતી તેને પગલે રાજયભરમાં સુરક્ષા તંત્રને એલર્ટ કરાયું છે. હવે કર્ણાટકમાં પણ આવા બનાવથી સરકાર સાવધ થઈ છે. કોઈ આયોજનબધ્ધ ષડયંત્ર છે કે કેમ તે દિશામાં તપાસ શરૂ કરવામાં આવી છે. ગણેશ વિસર્જન સરઘસ પર પથ્થરમારાની ઘટના બાદ લોકોના એક જૂથે પોલીસ સ્ટેશનમાં વિરોધ કર્યો હતો અને ઘટના માટે જવાબદાર લોકોની તાત્કાલિક ધરપકડ કરવાની માંગ કરી હતી. દરમિયાન જિલ્લામાં વધારાનો પોલીસ દળ તૈનાત કરવામાં આવ્યો છે. પોલીસે પરિસ્થિતિને કાબુમાં લીધી છે. જો કે, હજુ પણ વિસ્તારમાં તણાવની સ્થિતિ બનેલી છે.

## રાહુલ ગાંધી સામે શીખોની લાગણી ભડકાવવા મુદ્દે ગૃહમંત્રાલય અને સુપ્રીમ કોર્ટ સુધી ફરિયાદ થાય તેવી શકયતા

### ■ ભાજપના નેતાએ ધમકી આપી : રાહુલના હાલ તેમના દાદી જેવા થશે

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ વિદેશ પ્રવાસ સમયે કરેલા વિધાનો બદલ ભારતમાં તેમની મુશ્કેલી વધી શકે છે અને રાહુલે જે રીતે શીખ સમુદાય મુદ્દે ટીપ્પણી કરી છે તે મુદ્દે હવે કેન્દ્રીય ગૃહમંત્રાલય અને સુપ્રીમ કોર્ટ સુધી ફરિયાદ થાય તેવી શકયતા છે.

સીનીયર ધારાશાસ્ત્રી વિનીત જિંદાલે રાહુલ ગાંધીના વિધાનો અંગે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ, નેશનલ ઈન્વેસ્ટીગેશન એજન્સી અને દિલ્હી પોલીસ કમિશ્નર સમક્ષ ફરિયાદ નોંધાવી છે. રાહુલે અમેરિકામાં એવું જણાવ્યું હતું કે ભારતમાં આજે એ લડાઈ ચાલી રહી છે કે કોઈ શીખ વ્યકિત પોતાની પાઘડી પહેરી શકે કે ગુરૂદ્વારા જઈ શકશે.

જિંદાલે આ અંગેનો વિડીયો પણ પોતાની ફરિયાદમાં જોડયો છે અને કહ્યું છે કે રાહુલ ગાંધીએ શીખોને ભડકાવાની કોશીશ કરી છે અને તે રીતે સમાજમાં અશાંતિ સર્જવા માંગે છે. રાહુલ ગાંધીનું વિધાન કોઈ પણ રીતે સાચુ નથી. દેશમાં કયાંય પણ શીખોને પાઘડી પહેરતા, કડુ પહેરતા કે ગુરૂદ્વારા જતા અટકાવતા નથી.

બીજી તરફ કોંગ્રેસ પક્ષે એક વિડીયો જાહેર કરીને તેમાં ભાજપના



એક નેતા રાહુલ ગાંધીને ધમકી આપી રહ્યા હોય તે દર્શાવતા જણાવ્યું છે કે વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ગૃહમંત્રી અમિત શાહ આ મુદ્દે ચુપ રહી શકે નહીં. આ વિડીયોમાં એવી ધમકી આપવામાં આવી છે કે રાહુલ ગાંધી તમે જો સમજશો નહીં તો આવનારો સમય તમારો નહીં હોય અને તમારા એ જ હાલ થશે જે તમારા દાદીના થયા છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, રાહુલ ગાંધીના દાદી અને પૂર્વ વડાપ્રધાન ઈન્દીરા ગાંધીની હત્યા થઈ હતી. કોંગ્રેસ પક્ષે આ અંગે પોસ્ટમાં લખ્યુ છે કે શું કોઈ વ્યકિત આ રીતે ખુલ્લેઆમ ધમકી આપી શકે અને શું વડાપ્રધાન અને ગૃહમંત્રી તેમાં ચૂપ રહી શકે.

## મોટાભાગના માર્ગ અકસ્માતો રાત્રીના ૯થી ૨ વાગ્યા સુધીમાં સર્જાય છે : ચોંકાવનારો રીપોર્ટ

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

દેશમાં માર્ગ અકસ્માતો અંગે સતત થઈ રહેલા અભ્યાસો અને આ પ્રકારની દુર્ઘટનાઓ ઘટાડીને માનવ જીવનને સલામત બનાવવાના પ્રયાસો વચ્ચે બહાર આવેલા એક રીપોર્ટ મુજબ સૌથી વધુ માર્ગ અકસ્માતો રાત્રીના ૯થી બે વાગ્યે દરમ્યાન થાય છે અને તેમાં ભોગ બનનાર ૮૯ ટકા પુરૂષો હોય છે.

આ રીપોર્ટ મુજબ અકસ્માતોના કારણે મૃત્યુ પામનારમાં ૫૦ ટકા લોકો ચાલતા જનારા અથવા તો દ્વિચક્રી વાહનોમાં જતા હોય છે જયારે ૪૫ ટકા લોકો થ્રી વ્હીલર, કાર કે ટ્રક જેવા વાહનોમાં જતા હોય છે. દેશના માર્ગો ઉપર પગપાળા જતા લોકો માટે સુરક્ષાની વ્યવસ્થા નીલ જેવી છે. જયારે લેન્ડની વ્યવસ્થાનું ભાગ્યે જ પાલન કરવામાં આવે છે.

પાટનગર દિલ્હીમાં થયેલા એક અભ્યાસ મુજબ ૨૦૨૨માં દરરોજ ચાર લોકો અકસ્માતમાં મૃત્યુ પામ્યા હતા. જે સંખ્યા હવે સાતની થઈ છે. મૃત્યુ પામનારમાં ૮૯ ટકા પુરૂષો અને ૧૧ ટકા મહિલાનો સમાવેશ થાય છે. સૌથી મોટી કમનસીબી એ છે કે મૃતકોમાં ૩૦થી ૩૯ વર્ષના લોકોનું પ્રમાણ સૌથી વધુ હોય છે. ખાસ કરીને મેટ્રો સીટીઓના માર્ગો મોડી રાતથી વધુ ઘાતક અકસ્માતો માટે જાણીતા થઈ ગયા છે. સામાન્ય ટ્રાફિક ઓછો થઈ જવાથી વાહનની ગતિ વધી જાય છે અને તેમાં શરાબ પીને ડ્રાઈવીંગ કરવું કે મોબાઈલ પર વાતચીત કરવાના કારણે દુર્ઘટના વધે છે. સૌથી વધુ અકસ્માતો શનિવાર, રવિવાર, સોમવારે નોંધાતા હોવાનું આ રીપોર્ટમાં જણાવાયું છે. ૮૧ ટકા અકસ્માતો ભારે વાહનો અને એસયુવી પ્રકારના ફોર વ્હીલર દ્વારા સર્જાય છે.

હીટ એન્ડ રનનું પ્રમાણ ૫૯ ટકા જેવું મેટ્રો સીટીમાં રહ્યું છે. દિલ્હીમાં કરાયેલા અભ્યાસ મુજબ જે ૫૯ ટકા હીટ એન્ડ રન કેસ નોંધાયા તેમાં પગેથી જનારા ૫૭ ટકા લોકો ભોગ બન્યા હતા જયારે મોટર સાયકલ વાહનો પર જતા ૩૩ ટકા લોકો ભોગ બન્યા હતા.

સરકાર દ્વારા હવે આ પ્રકારના અકસ્માતોમાં જે એકસીડેન્ટ ડ્રોન છે




તેને ઓળખવાની કામગીરી શરૂ થઈ છે. પાટનગરમાં જ ઉત્તર-પૂર્વ દિલ્હી એ સૌથી વધુ અકસ્માત સર્જે છે. ખાસ કરીને ફુટપાથો એકદમ સાંકળી હોય છે અથવા તો તેના પર દબાણ થઈ ગયું હોય છે.

રાત્રીના સમયમાં લોકો ફુટપાથ પર સુતા હોય છે જેના કારણે ઉપરાંત માર્ગ ક્રોસ કરતા સમયે થતા અકસ્માતો સૌથી વધુ છે. દેશમાં હેલ્મેટ પહેરીને વાહન ચલાવવાનું રાત્રીના સમયે ઘટી જાય છે.

ઉપરાંત શરાબ પીને ડ્રાઈવીંગ કરવું એ એક લગભગ પ્રથા બની ગઈ છે.

## અમદાવાદ બન્યું ડ્રગ્સનું પીઠું: 200 કિલો ગાંજા બાદ હવે ૧ કરોડનું એમ.ડી. ડ્રગ્સ પકડાયું

**મુખ્ય સમાચાર,અમદાવાદ**

રાજ્યનું યુવાધન ડ્રગ્સના રવાડે ચડી ગયું છે. દર બીજા દિવસે રાજ્યમાંથી લાખો- કરોડોનું ડ્રગ્સ ઝડપાય છે. એમાં પણ ખાસ કરીને અમદાવાદ, સુરત, વડોદરા જેવા મોટા શહેરોમાં ડ્રગ્સ સરળતાથી ઉપલબ્ધ થઈ રહ્યું છે. ડ્રગ્સ પેડલરો માટે ગુજરાતનો દરિયો આર્શિવાદ બન્યો છે, આ ઉપરાંત રોડ માર્ગે પણ ડ્રગ્સ સહિતના નશીલા પદાર્શો ગુજરાતમાં ઘુસાડવાના પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે. ત્યારે આજે અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે સરખેજ વિસ્તારમાં ૧ કરોડનું ડ્રગ્સ ઝડપી પાડ્યું છે. ડ્રગ્સ પેડલરોએ એવી તરકીબ અપનાવી હતી કે તમે જોઈને ચોંકી જોશો.

અમદાવાદમાં ડ્રગ્સનો સૌથી વધુ ઉપયોગ થાય છે, અમદાવાદ ડ્રગ્સ પેડલરોનું મોટું નેટવર્ક પથરાયેલું છે. દરરોજ લાખો-કરોડોનું ડ્રગ્સ સપ્લાય કરવામાં આવે છે. ડ્રગ્સના દૂષણને નાથવા માટે અમદાવાદ પોલીસ અને ક્રાઈમ બ્રાન્ચ સહિતની ટીમો સતત પ્રયાસ કરી રહી છે. ત્યારે ફરી એકવાર



અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચને ૧ કરોડનું ડ્રગ્સ જપ્ત કરવામાં સફળતા પ્રાપ્ત થઈ છે.

ક્રાઈમ બ્રાન્ચે આસિમ હુસેન સૈયદ અને વિષ્ણુવાદી નામના બે આરોપીઓની ધરપકડ કરી છે, જ્યારે ડ્રગ્સ પહોંચાડનાર અતિક નામનોઆરોપી ફરાર થઈ ગયો હતો.

## ભારે વરસાદ અને ગરમી બાદ શિયાળો પણ ભુક્કા બોલાવશે

### આ વર્ષે દેશભરમાં ભારે વરસાદ અને આકરી ગરમી બાદ હવે ઠંડી પણ પરેશાન કરશે

મુખ્ય સમાચાર,નવીદિલ્હી

આ વર્ષે દેશના અનેક રાજયોમાં ભારે વરસાદે તબાહી મચાવી છે. પર્વતોથી મેદાનો સુધી વરસાદ ચાલુ રહે છે. અનેક રાજયોમાં પૂર જેવી સ્થિતિ સર્જાઈ છે. અગાઉ આકરી ગરમીએ ઉત્તર ભારતને ખૂબ જ પરસેવો પાડ્યો હતો. મે-જૂન મહિનામાં રાજસ્થાનના અનેક વિસ્તારોમાં તાપમાનનો પારો ૫૦ ડિગ્રીને પાર કરી ગયો હતો. આકરી ગરમી અને મુશળધાર વરસાદ બાદ હવે ઠંડીએ લોકોને પરેશાન કરી દીધા છે. વર્લ્ડ મીટીરોલોજીકલ ઓર્ગેનાઈઝેશન એ આગાહી કરી છે કે આ વર્ષે કડકડતી ઠંડી પડશે. ઠખઘ કહે છે કે તીવ્ર ઠંડીનું કારણ લા નીના અસર હશે.

ઠખઘનું કહેવું છે કે ભારતના ઉત્તરીય ભાગોમાં તીવ્ર ઠંડી પડશે. એ પણ નોંધનીય છે કે આ વર્ષે સામાન્ય કરતાં વધુ ઠંડી રહેશે એટલું જ નહીં પરંતુ શિયાળાની મોસમનો સમયગાળો પણ વધશે. ઠખઘ અનુસાર, વર્ષના અંત સુધીમાં લા નીનાની સ્થિતિ વધુ મજબૂત થવાની ૬૦ ટકા સંભાવના છે, જેના કારણે દેશના ઉત્તરીય ભાગોમાં સામાન્ય સ્થિતિ કરતાં વધુ ઠંડી પડશે.

ઠખઘ એ અહેવાલ આપ્યો છે કે સપ્ટેમ્બર-નવેમ્બર ૨૦૨૪ સુધીમાં લા નીના સ્થિતિ બનવાની ૫૫% સંભાવના છે અને તે ઓક્ટોબર ૨૦૨૪ થી ફેબ્રુઆરી ૨૦૨૫ સુધી ૬૦% સુધી મજબૂત થવાની અપેક્ષા છે. લા નીનાની અસર ભારતમાં ચોમાસા દરમિયાન તીવ્ર અને લાંબા સમય સુધી વરસાદનું કારણ બને છે અને ઉત્તર ભારતમાં સામાન્ય સ્થિતિ કરતાં વધુ ઠંડી પડે છે. વર્ષના અંત સુધીમાં લા



નીનાની અસર વધશે, જેના કારણે ઉત્તર ભારતના રાજયોમાં સામાન્ય કરતાં વધુ ઠંડી પડી શકે છે.

અહીં એ જાણવું પણ જરૂરી છે કે લા નીના શું છે જેના કારણે આ વર્ષે ઠંડી વધુ પડી શકે છે. વાસ્તવમાં, લા નીનાનો અર્થ છે કે મધ્ય અને પૂર્વ વિષુવવૃત્તીય પેસિફિક મહાસાગરમાં સમુદ્રની સપાટીનું તાપમાન નોંધપાત્ર રીતે ઘટે છે. આ ફેરફાર ઉષ્ણકટિબંધીય વાતાવરણીય પરિભ્રમણને અસર કરે છે, જેમ કે પવન, દબાણ અને વરસાદ. સામાન્ય રીતે, લા નીના ભારતમાં ચોમાસા દરમિયાન તીવ્ર અને લાંબા સમય સુધી વરસાદનું કારણ બને છે.

## અંબાજીમાં ભાદરવી મહામેળાનો પ્રારંભ: શ્રદ્ધા, ભકિત અને સેવાનો સમન્વય

**મુખ્ય સમાચાર,અંબાજી**

વિશ્વપ્રસિધ્ધ યાત્રાધામ અંબાજીમાં દર વર્ષે આસ્થાના મહાકુંભ સમાન ભાદરવી પૂનમનો મહામેળો યોજાય છે. આજથી આગામી ૧૮ સપ્ટેમ્બર સુધી સાત દિવસ ચાલનાર મેળામાં લાખો ભકતો માના દર્શનાર્થે ઉમટશે ત્યારે અંબાજી જતા માર્ગો ઉપર પદયાત્રિકોનુ ઘોડાપૂર શરૂ થયુ છે.

બોલ મારી અંબે જય જય અંબેના નાદ સાથે ભકતો અંબાજી તરફ આગળ વધી રહ્યા છે. યાત્રાધામ અંબાજીમાં આજે સવારે ૯ કલાકે દાંતા રોડ પરના સિંહદ્વારથી રથના પ્રસ્થાન સાથે મેળાનુ ઉદઘાટન કરવામાં આવશે. આ વખતે દર્શનના સમયમાં વધારો કરાયો છે. ભકતો સવારે ૬ થી ૧૨ વાગ્યા સુધી અવિરત માતાજીના દર્શન કરી શકશે. એલઈડી સ્ક્રીન અને પ્લાઝમા ટીવી પર મેળાનુ સતત જીવંત પ્રસારણ કરાશે. શ્રી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટ દ્વારા યાત્રિકોને વિવિધ સુવિધાઓ ઉપલબ્ધ કરવામાં આવી છે. જેમાં દર્શન, વિસામો, ભોજન, પાર્કીંગ, સુરક્ષા, સલામતી, પ્રસાદ, પગરખા, સફાઈ, પાણી, ટોઈલેટ સહિતની સુવિધાઓ અને સગવડો ઉભી કરવામાં આવી છે. આ વર્ષે કેટલાક ખાસ આકર્ષણો અને સુવિધાઓથી મેળાને યાદગાર બનાવવા માટેનુ આયોજન કરાયુ છે.

અંબાજીના મેળામાં ભકિત અને સેવાનો અનોખો સમન્વય જોવા મળે છે. શકિતપીઠ અને વિશ્વપ્રસિધ્ધ યાત્રાધામ અંબાજી મંદિર કરોડો માઈભકતોની આસ્થાનુ કેન્દ્ર છે. અરવલ્લીની ગિરીમાળાઓથી ઘેરાયેલા અંબાજીમાં માઈભકતો માં અંબેની આરાધનામાં લીન બને છે. આ વર્ષે



લાખો પદયાત્રિકોએ પ્રયાણ કર્યુ છે. આ મેળો પદયાત્રિકોનો નમાથ પ્રત્યેનો અતુલ્ય દર્શનભાવ દર્શાવે છે.

નવરાત્રીમાં માં અંબે ગરબા રમવા આવજેના આમંત્રણ માટે પદયાત્રિકો હજારો માઈલ અંતર કાપી માંને મળવાની દોટ મૂકે છે. પૂનમે માતકાજીને મળવાના સંકલ્પ સાથે બોલ મારી અંબે જય જય અંબે નાદ સાથે યાત્રિકો અરવલ્લીના પર્વતોને ડોલાવી મૂકે છે.

# જામનગર મહાનગરપાલિકા દ્વારા ઘરે-ઘરે કરવામાં આવેલ સર્વેમા તાવનાં ૧૪૯ કેસ નોંધાયા

**મુખ્ય સમાચાર,જામનગર**

જામનગર મહાનગરપાલિકાની આરોગ્ય શાખા દ્વારા શહેરના નાગરીકોને આરોગ્યની સેવાઓ મળી રહે તે માટે, કમિશ્નર ના માર્ગદર્શનમાં ઓ.પી.ડી. સેવાઓ ને સુદ્રઢ કરવામાં આવી છે.જામનગર શહેરમા કરવામાં આવેલ આરોગ્ય વિષયક કામગીરી મા ૧૨ આરોગ્ય કેન્દ્રમાં ૧૭૭૬ દર્દીઓમાં સામાન્ય ઝાડા ના ૪૦ શરદી-ઉધરસના-૨૮૩ , સામાન્ય તાવના - ૨૩ કેસ જોવા મળ્યાં હતાં હેલ્થ અને વેલનેસ સેન્ટરની ઓ.પી.ડી.માં ૧૧૮૩ લોકોએ લાભ લીધો. આમ ગઈકાલે શહેરના કુલ ૩૧૭૩ લોકો એ ઓ.પી.ડી. સેવાનો લાભ લીધો.ઓ.પી.ડી સેવાઓ દરમિયાન લોકજાગૃતિ આવે તે માટે



મુલાકાતે આવતા દર્દીઓને પાણીજન્ય રોગચાળા તથા વાહકજન્ય રોગચાળાથી બચવા અંગેની પત્રિકાઓનું તથા ક્લોરીન ટેબ્લેટનું વિતરણ કરવામાં આવ્યું હતું. શહેરમાં અલગ-અલગ ૯૨ જગ્યાઓએથી આરોગ્ય વર્કર દ્વારા રેસીડયુલ ક્લોરીન ચેક કરવામાં આવ્યું, જેમાં તમામ જગ્યાએ ૦.૨ થી ૦.૫ જેટલો રેસીડ્યુલ ક્લોરીન જોવા મળ્યો હતું. ૧૩૭૬૧ જેટલી ક્લોરીનની ગોળી તથા ૨૯૬ ઓ.આર.એસ.ના પેકેટનું વિતરણ કરવામાં આવેલ.વાહકજન્ય રોગચાળા નિયંત્રણ અંગે કરવામાં આવેલ કામગીરીની વિગત જોઈએ તો શહેરમાં મચ્છરજન્યરોગો જેવા કે, મેલેરિયા, ડેન્ગ્યુ, ચીકુનગુનિયાનાં કેસોને નિયંત્રણમાં રાખી શકાય તથા મચ્છરની ઉત્પતિને નિયંત્રિત કરી શકાય, તે માટે પગલાં લેવામાં આવી રહ્યા છે.આરોગ્ય કેન્દ્રની ૪૬ ટીમ દ્વારા ૬૧૨૪૨ ની વસ્તી અને , ૧૫૦૨૦ ઘર ની મુલાકાત મા ૭૬૩૦૨ પાણી નાં પાત્રો ની ચકાસણી કરવામાં આવી હતી.ઉપરોક્ત ઘરો માં થી સામન્ય તાવના ૧૪૯ કેસ મળેલ, જેમને સ્થળ પર સારવાર આપવામાં આવેલ. ઉપરોક્ત ઘરોમાંથી ૩૭૩ ઘરોમાં ૪૦૧ પાણીનાં પાત્રોમાં મચ્છરનાં પોરા જોવા મળેલ, જેનો નાશ કરવામાં આવેલ.પાણીના પાત્રોમાંથી મચ્છરની ઉત્પતિ અટકાવી શકાય તે માટે ૧૦૦૩૮ પાત્રોમાં એબેટ નામની દવા નાખવામાં આવેલ તથા ૧૯૩૨ પાત્રો માંથી પાણી ખાલી કરાવાયુ હતું. ૪૬ સેલર માં પાણી ભરેલા જોવા મળતા તેમાં જંતુનાશક દવાનો છંટકાવ કરવામાં આવ્યો.હતો.અને એ એસ આઇ ની જરૂરિયાત મુજબ ૩૦૦૦ કિલો જંતુનાશક દવા નો જથ્થો આપવામાં આવ્યો હતો.

# જામનગર શહેરમાં ટ્રાફિક નિયમોના ભંગ બદલ ૩૬૨૭ વાહનચાલકોને અદાલતની નોટિસ

જામનગર શહેરમાં ટ્રાફિક નિયમોના ઉલંઘન બદલ વાહનચાલકોને બેદરકારી સામે કડક કાર્યવાહી શરૂ કરવામાં આવી છે. વર્ષ ૨૦૨૧થી સીસીટીવી કેમેરા દ્વારા પકડાયેલા ટ્રાફિક નિયમોના ભંગ બદલ ૩૬૨૭ વાહનચાલકોને અદાલતની નોટિસ ફટકારવામાં આવી છે.જામનગર શહેરમાં વાહનચાલકો દ્વારા અવારનવાર ટ્રાફિક નિયમોનો ભંગ કરવામાં આવતો હોય છે. ખાસ કરીને ચાલુ વાહનમાં મોબાઈલ ફોન પર વાત કરવી, ત્રણ સવારી બેસાડવી અને વન-વેમાં વાહન ચલાવવા જેવા ગુનાઓ વધુ પ્રમાણમાં બનતા હોય છે. આવા ગુનાઓને રોકવા માટે જામનગર શહેર પોલીસ દ્વારા સીસીટીવી કેમેરા દ્વારા નજર રાખવામાં આવે છે. વર્ષ ૨૦૨૧થી સીસીટીવી કેમેરા દ્વારા પકડાયેલા ટ્રાફિક નિયમોના ભંગ બદલ ૩૬૨૭ વાહનચાલકોને કોર્ટની નોટિસ ફટકારવામાં આવી છે. આ વાહનચાલકોએ નિયત સમયમાં દંડ ભરવામાં બેદરકારી દાખવતા કોર્ટની નોટિસ ફટકારવામાં આવી છે.જામનગર શહેરમાં ૩૫૫ સીસીટીવી કેમેરા દ્વારા સમગ્ર શહેરમાં ટ્રાફિક નિયમોનો ભંગ કરનારા વાહનચાલકોને કમાન્ડ એન્ડ કંટ્રોલ રૂમ દ્વારા ઈ-મેમો ફટકારવામાં આવે છે. પોલીસ અધિક્ષક પ્રેમસુખ ડેલુના માર્ગદર્શન હેઠળ કમાન્ડ એન્ડ કંટ્રોલ રૂમ દ્વારા શહેરના માર્ગો પર ત્રણ સવારી, ચાલુ વાહનમાં મોબાઈલ ફોન પર વાત કરવી, રોંગ સાઇડમાં વાહન ચલાવવું, શીટ બેલ્ટ ન બાંધવા જેવા ટ્રાફિક નિયમોનો ભંગ કરનારા વાહનચાલકોને ઈ-મેમો દ્વારા દંડ ફટકારવામાં આવે છે. પોલીસ દ્વારા અપીલ કરવામાં આવી છે કે, વાહનચાલકોએ ટ્રાફિક નિયમોનું પાલન કરવુ જોઈએ અને ઈ-મેમો મળતા જ દંડ ભરપાઈ કરી દેવો જોઈએ. નહીંતર કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

# જામનગરના પટણીવાડ વિસ્તારમાં રહેણાંક મકાનમાં આગ લાગી



જામનગર શહેરમાં પટણી વાડ વિસ્તારમાં એક બંધ રહેણાંક મકાનમાં શોર્ટ સર્કિટ થવાના કારણે આગ લાગી હતી. મોડી રાત્રે સલીમભાઈ કુરેશી નામના રહેવાસીના બંધ મકાનમાં આગ લાગી હતી. જેથી અફરાતફરી મચી હતી.જે બનાવ અંગે ફાયર વિભાગને જાણ કરાતાં ફાયર શાખની ટુકડી ગઈ રાત્રે ઘટના સ્થળે પહોંચી હતી. જે બનાવ સમયે આસપાસના નાગરિકોએ એકત્ર થઈને રૂમની બારીમાંથી પાણીની નળી વગેરેથી પાણીનો મારો ચલાવી આગ બુઝાવવાનો પ્રયત્ન કર્યો હતો. ત્યારબાદ ફાયર બ્રિગેડની ટુકડીએ પણ દરવાજો તોડીને સ્થાનિકોની મદદથી આગને કાબુમાં લઈ લીધી હતીજેથી આગ વધુ પ્રસરતાં અટકી હતી. મકાન માલિક સલીમભાઈ કુરેશી બહારગામ ગયા હતા, દરમિયાન પાછળથી વાયરીંગમાં શોર્ટસર્કિટ થવાના કારણે આગ લાગી હોવાનું પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે અને તેના રૂમમાં રહેલી તમામ ઘરવખરી બળીને ખાખ થઈ હતી.

# મોરબીમાં ભૂગર્ભ ગટર તથા વરસાદી પાણી ભરાવવાના પ્રશ્નનો ઉકેલ આવતા કોંગ્રેસ તથા વેપારીઓએ ચીફ ઓફિસરનો આભાર માન્યો

**મુખ્ય સમાચાર,મોરબી**

મોરબી નગરપાલિકાના નવનિયુક્ત ચીફ ઓફિસર દ્વારા જુના બસ સ્ટેન્ડ પાછળ ભૂગર્ભ ગટર તથા વરસાદી પાણી ભરાવવા સહિતના પ્રશ્નોનું કોંગ્રેસ પક્ષની રજુઆત બાદ નિરાકરણ લાવતા મોરબી શહેર કોંગ્રેસ પ્રમુખ તથા વેપારીઓએ ચીફ ઓફિસર સાથે રૂબરૂ મુલાકાત કરી કરવામાં આવેલ કામગીરી બદલ આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.



મોરબી જુના બસ સ્ટેન્ડ પાછળ જે ભૂગર્ભ ગટરનું પાણી અને વરસાદી પાણી ભરાવાની સમસ્યાનો છેલ્લા ૩ વર્ષથી સ્થાનિકો આ હાલાકીનો સામનો કરી રહ્યા હતા. ત્યારે ત્રણ દિવસ પહેલા કોંગ્રેસ પક્ષ દ્વારા ઢોલ નગારા સાથે આ વિસ્તારની રજુઆત કરવામાં આવી હતી. ત્યારે પાલિકા તંત્ર દ્વારા માત્ર ત્રણ દિવસમાં આ તમામ પ્રશ્નનો ઉકેલ લાવવામાં આવ્યો હતો. જેથી મોરબી નગર પાલિકાના નવનિયુક્ત ચીફ ઓફીસર કુલદીપસિંહ વાળા સાથે રુબરુ મુલાકાત કરી વેપારીઓ દ્વારા કોંગ્રેસને સાથે રાખી પુષ્પગુચ્છ અર્પણ કરીને કામગીરીની પ્રશંશા કરવામાં આવી હતી.

આ તકે જુના બસસ્ટેન્ડ વિસ્તારના વેપારીઓ અને મોરબી શહેર કોંગ્રેસ પ્રમુખ પુષ્પરાજસિંહ જાડેજા, શહેર કોંગ્રેસ મહામંત્રી હિતેશભાઈ ભટ્ટ, મોરબી જીલ્લા લીગલ સેલનાં પ્રમુખ ભાવિનભાઈ પટેલ સહિતના લોકો દ્વારા ચીફ ઓફિસર કુલદીપસિંહ વાળાનું પુષ્પ ગુચ્છ આપી આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

# મોરબીના મકનસર તથા રફાળેશ્વર ગામે ઘર પાસે પાર્ક કરેલ બે બાઈકની ચોરી અંગેની ફરિયાદ નોંધાઈ

મોરબીના ગ્રામ્યમાં અલગ અલગ ગામેથી બે બાઇક ચોરી થયા અંગેની ફરિયાદ નોંધાવવામાં આવી છે. જેમાં મોરબીના મકનસર તેમજ રફાળેશ્વર ગામે ઘર પાસે પાર્ક કરેલ બાઇક કોઈ અજાણ્યા વાહન ચોર દ્વારા ચોરી કરી લઈ ગયા અંગેની ફરિયાદ નોંધાવવામાં આવી છે. જો કે સુત્રોમાંથી મળતી માહિતી અનુસાર બાઇક ચોર પોલીસના હાથવેંતમાં હોવાનું જાણવા મળ્યું છે. બાઇક ચોરીની પ્રથમ બનાવની મળતી વિગતો મુજબ મોરબી તાલુકાના મકનસર ગામે ગોકુલનગર સોસાયટીમાં રહેતા અલ્પેશભાઇ જયંતીભાઇ નિમાવત ઉવ.૩૪ એ તાલુકા પોલીસ મથકમાં અજાણ્યા ચોર ઈસમ વિરુદ્ધ ફરિયાદ નોંધાવી કે ગત તા. ૨૫/૦૭ ના રોજ અલ્પેશભાઈએ પોતાનું હિરો હોન્ડા કંપનીનુ કાળા કલરનું સ્પેલન્ડર પ્લસ મોટર સાયકલ જેના રજી.નં. જીજે-૦૩-સીબી-૧૭૬૦ કિંમત રૂ.૨૦,૦૦૦/- વાળુ મોટર સાયકલ ઘર ના પાર્કિંગમાં પાર્ક કર્યું હોય જે કોઇ ચોર ઇસમ ચોરી કરી લઇ જતા મોટરસાયકલની ચોરી અંગે ફરિયાદ નોંધાવવામાં આવી છે. જ્યારે બીજા બાઇક ચોરીના બનાવ અંગેની પ્રાપ્ત વિગતો મુજબ મૂળ ઘાટીલાના વતની હાલ રફાળેશ્વર ગામે રહેતા વેપારી જગદીશભાઈ નટવરલાલ જાની ઉવ.૪૪ એ હિરો હોન્ડા કંપનીનુ કાળા કલરનું સ્પેલન્ડર પ્રો.મોટર સાયકલ જેના રજી.નં. જીજે-૦૩-ઈપી-૨૭૮૧ કિંમત રૂ.૩૦,૦૦૦/- વાળુ કોઇ અજાણ્યો ચોર ઇસમ ચોરી કરી લઇ ગયો હોય જેથી ઉપરોક્ત બાઇકની ચોરી અંગે તાલુકા પોલીસ મથકમાં અજાણ્યા ચોર ઈસમ વિરુદ્ધ ફરિયાદ નોંધાવતા હાલ પોલીસે આરોપી સામે ગુનો દાખલ કરી આગળની ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ટંકારના વાગડ ગામે ખુલ્લા કૂવામાં ટ્રેક્ટર સહિત પડી ગયેલા વૃદ્ધનું મૃત્યુ નીપજ્યું

મોરબી જીલ્લા ફાયર એન્ડ ઇમરજન્સી વિભાગમાંથી મળતી માહિત મુજબ ટંકારાના વાગડ ગામે ૭૦ વર્ષીય વૃદ્ધ ટ્રેક્ટર સહિત ખુલ્લા કૂવામાં પડી ગયા હોવાની રાત્રીના ૧૦ વાગ્યે ફાયર વિભાગ કન્ટ્રોલ રૂમમાં કોલ આવ્યો હોય જેથી ફાયર વિભાગની રેસ્ક્યુ ટીમ સ્થળ ઉપર પહોંચી હતી. જ્યાં ગામ લોકો તેમજ હાઇડ્રોલિક ક્રેઇનની મદદથી આખી રાત ભારે જહેમત બાદ ટ્રેક્ટર તથા વૃદ્ધ દેવજીભાઈ ગંગારામ ભીમાણી ઉવ.૭૦નો મૃતદેહ કુવામાંથી બહાર કાઢવામાં આવ્યો હતો. ત્યારે મૃતકની લાશને પીએમ કરવા હોસ્પિટલમાં ખસેડવા તજવીજ હાથ ધરી છે.

# માળીયામાં રેલ્વે બ્રિજ ઉપરથી મચ્છુ નદીમાં ઝંપલાવી યુવકે કર્યો આપઘાત

માળીયા(મી)ના ધરમનગર(નવાગામ) રહેતા જયેશભાઈ પ્રકાશભાઈ ધામેચા ઉવ.૧૯ ગઈકાલ તા.૧૧/૦૯ના રોજ માળીયા-જામનગર હાઈવે ઉપર પોતાનુ બાઈક રજી.નં. જીજે-૩૬-એકે-૧૫૦૨ વાળુ રેઢુ મુકી માળીયા મચ્છુ નદીના રેલ્વે બ્રિજ ઉપરથી કોઈ કારણોસર મચ્છુ નદીમા ઝંપલાવી આપઘાત કરતા નદીના પાણીમા ડુબી જવાથી જયેશભાઈનું મૃત્યુ નીપજ્યું હતું. હાલ માળીયા(મી) પોલીસે મૃતક જયેશભાઈના પિતા પ્રકાશભાઈ પાસેથી પ્રાથમિક વિગતો મેળવી અ.મોતની નોંધ કરી આપઘાત કરવા પાછળના કારણો મેળવવા તપાસ શરૂ ચલાવી ચગે.

# વાંકાનેરમાં કારખાનેદાર યુવકે ઝેરી દવા પી લેતા સારવારમાં મોત

વાંકાનેરમાં ચાવડી ચોક નીલકંઠ શેરીમાં રહેતા ભાર્ગવભાઈ દિલીપભાઈ વોરા ઉવ.૨૨એ ગત તા.૧૯ ઓગસ્ટના રોજ જડેશ્વર રોડ ખાતે આવેલ પોતાના સીંગદાણાના કારખાને કોઈ કારણોસર જંતુનાશક દવા તથા ઘઉંમાં નાખવાનો પાવડર પી લેતા તેની ઝેરી અસરને કારણે ભાર્ગવભાઈને બેભાન હાલતમાં રાજકોટની ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા જ્યાં તેમનું ગત તા. ૦૯/૦૯ના રોજ મૃત્યુ નીપજ્યું હતું. ત્યારે અકાળે મોતને ભેટેલા ભાર્ગવભાઈના મૃત્યુ અંગે વાંકાનેર સીટી પોલીસે અ.મોતની નોંધ કરી આગળની તપાસ ચલાવી છે.

# જામનગરના જાબુંડા ગામના યુવાને પોતાની માનસિક બીમારીથી તંગ આવી ઝેરી દવા ગટગટાવી

જામનગરના જાબુંડા ગામના મજૂરી કામ કરતા યુવાને પોતાની માનસિક બીમારીથી તંગ આવી ઝેરી દવા ગટગટાવી.જામનગર તાલુકાના જાબુંડા ગામના વતની અને ધ્રોળ નજીક સોયલ ગામની નદી પાસે મજૂરી કામ કરતા એક યુવાને પોતાની માનસિક બીમારીથી તંગ આવી ઝેરી દવા પી લઇ આત્મહત્યા કરી લીધી છે.આ બનાવની વિગત એવી છે કે જામનગર નજીક જાંબુડા ગામમાં રહેતો અને મજૂરી કામ કરતો મનોજ મોમલાભાઈ માટીયા નામનો ૨૯ વર્ષનો યુવાન, કે જે છેલ્લા બે માસથી માનસિક સ્થિતિ ગુમાવી બેઠો હતો, અને તેની દવા ચાલુ હતી. પરંતુ સારું નહીં થતાં તેણે પ્રોળ નજીક સોયલ નદીના કાંઠે ઝેરી દવા પી લઈ આત્મહત્યાનો પ્રયાસ કરતાં તેને સારવાર માટે હોસ્પિટલમાં લઈ જવાય તે પહેલા જ તેનું મૃત્યુ નીપજ્યું હતું. આ બનાવ અંગે મૃતકના નાના ભાઈ રામભાઈ મોમલાભાઈએ પોલીસને જાણ કરતાં ધ્રોલના પોલીસ હેડ કોન્સ્ટેબલ આર.કે મકવાણાએ મૃતદેહનો કબ્જો સંભાળી તપાસ હાથધરી છે.

# જામનગરમાં જિલ્લા કક્ષાનો નેશનલ સાયન્સ સેમિનાર યોજાયો





જામનગર ગુજકોસ્ટ- ગાંધીનગર પ્રેરિત, એમ.ડી.મહેતા જિલ્લા વિજ્ઞાન કેન્દ્ર- ધ્રોલ, ડી.ઈ.ઓ. કચેરી, ડી.પી.ઈ.ઓ. કચેરી- જામનગરના સંયુક્ત ઉપક્રમે આ વર્ષના મુખ્ય વિષય આર્ટિફિશયલ ઈનસ્ત્રટેલિજન્સ વિષય પર જિલ્લા કક્ષાના નેશનલ સાયન્સ સેમિનાર નું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમની શરૂઆત મંચસ્થ મહેમાનોના હસ્તે દીપપ્રાગટ્યથી કરાઈ હતી. કાર્યક્રમમાં ૩૭ જેટલી શાળાના ૪૦ જેટલા સ્પર્ધકો સામેલ થયા હતા. બાળકોએ મુખ્ય વિષય આધારિત ચાર્ટસ અને પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન દ્વારા આર્ટિફિશયલ ઈન્ટેલિજન્સ પર પોતાના વિચારો વ્યક્ત કર્યા હતા. ત્યારબાદ તમામ બાળકોના વિષય અનુરૂપ જ્ઞાનની ચકાસણી માટે ૨૦ પ્રશ્નોની લેખિત પરિક્ષાનું આયોજન કરવામાં આવ્યું હતું. તમામ પ્રેઝન્ટેશનને અંતે નિર્ણાયકો દ્વારા બાળકોને મૌખિક પ્રશ્નો પૂછવામાં આવ્યા હતા, જેના બાળકોએ સંતોષકારક જવાબો આપ્યા હતા.સ્પર્ધાના અંતે શ્રેષ્ઠ પ્રદર્શન કરનાર બાળકોની રાજ્યકક્ષાની સ્પર્ધા માટે પસંદગી કરવામાં આવી હતી. જેમાં પ્રથમ ક્રમાંક પર લાવીકા ત્રિપાઠી કે.ડી.અંબાણી શાળા, મોટી ખાવડી, દ્વિતીય ક્રમાંક પર હેમ્યા શુક્લા સત્ય સાંઈ શાળા, જામનગર અને તૃતીય ક્રમાંક પર ત્રિષા કટારીયા સેન્ટ ફ્રાન્સીસ શાળા, જામનગરની પસંદગી કરવામાં આવી હતી. વિજેતા બાળકોને શિલ્ડ અર્પણ કરીને તેમનું સન્માન કરવામાં આવ્યું હતું.તેમજ કાર્યક્રમમાં ભાગ લીધેલ તમામ બાળકોને પ્રમાણપત્રો એનાયત કરવામાં આવ્યા હતા. કાર્યક્રમમાં નિર્ણાયક અને સંચાલક તરીકે સંસ્થાના સેક્રેટરી સુધાબેન ખંઢેરીયા, બી.એચ.ગાર્ડી એન્જિનિયરિંગ કોલેજ, કાલાવડના પ્રાધ્યાપક રીયાબેન કાકુ, કલ્યાણ પોલિટેકનિક કોલેજ, જામનગરના પ્રમિત ગોહેલ, સંસ્થાના ચેરમેન ધર્મેશભાઈ મહેતાએ અને કર્મચારી સંજય પંડયાએ ફરજ બજાવી હતી.

# ઉના નાલીયા માંડવી ગામે આંગણવાડીનુ નવું મકાન મંજૂર ન થતા ગ્રામ પંચાયતની રજૂઆત

## પૂર્વ ધારાસભ્ય પુંજાભાઈ વંશે અગાઉ રજૂઆત કરી હતી



**મુખ્ય સમાચાર, ઉના**

ઉના તાલુકાના નાળિયા માંડવી ગામે આંગણવાડી કેન્દ્ર નંબર ૭૬ તે આંગણવાડી પહેલા રોડ ઉપર આવેલ ટાંકા પાસે હતી તેની જમીન બેસી જતા ત્યારબાદ પૂર્વ ધારાસભ્ય પુંજાભાઈ વંશે રજૂઆત કરી હતી પણ કોઈપણ તપાસ થઈન હતી બાળકોને ત્યારબાદ સાઈકોલોન સેન્ટરમાં આનંદ વાડી કામ ત્યાં ચલાવવામાં આવ્યું જોકે બાળકોને આ સાયકલોન સેન્ટર ઘણું દૂર થાય છે જેને કારણે રોડ ઉપર અકસ્માત નો ખતરો પણ બની રહે છે બાળકોના વાલીઓને પણ પારાવાર મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે જેથી નવું બિલ્ડીંગ મંજૂર કરવા બાળ વિકાસ અધિકારીશ્રી ને નાળિયા માંડવી ગ્રામ પંચાયત દ્વારા રજૂઆત કરવામાં આવી છે કોઈપણ કાર્યવાહી કરવામાં નહીં આવે તો ગાંધી ઈન્ડિયા માર્ગે અપના ઉપડશે તેવી તેવી ધારદાર રજૂઆત કરી છે

# મોરબીમાં દોઢ વર્ષ પહેલાં ચોરી કરેલ બાઈક સાથે વાહન ચોરને ઝડપી લેતી ક્રાઈમ બ્રાંચ

**મુખ્ય સમાચાર,મોરબી**

મોરબી તાલુકાના લાલપર ગામ નજીકના વિસ્તારમાંથી દોઢેક વર્ષ પહેલા ચોરી કરેલ બાઇક સાથે રીઢા વાહનચોરને મોરબી ક્રાઇમ બ્રાંચ પોલીસ ટીમ દ્વારા દબોચી લેવામાં આવ્યો છે. ત્યારે પકડાયેલ રીઢા વાહન ચોર પાસેથી અન્ય એક ચોરી કરેલ બાઈક સહિત બે બાઈક કબ્જે કરવામાં આવ્યા હતા.

મોરબી ક્રાઈમ બ્રાંચ પોલીસ ટીમ ગ્રામ્ય વિસ્તારમાં પેટ્રોલિંગમાં હોય તે દરમિયાન તાલુકા નાગડાવાસ ગામના પાટીયા પાસે આવતા એક ઈસમ શંકાસ્પદ હાલતમાં બાઈક સાથે ઉભેલ હોય જેથી તેને રોકી તેની પાસે રહેલ બાઈક હીરો સ્પ્લેન્ડર નંબર પ્લેટ વગરનુ હોય જેના રજીસ્ટર દસ્તાવેજી આધાર પુરાવા માંગતા તેની પાસે નહિ હોવાનું જણાવેલ જેથી બાઈકની અન્ય વિગતો ઇ-ગુજકોપમાં સર્ચ કરતા આ બાઈકની ચોરી થાય અંગેની તાલુકા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાઈ હોવાનું સામે



આવ્યું હતું. ત્યારે આરોપી વિવેકદાન અમીરદાન બારહટ ઉવ-૨૪ રહે.વીરવીદરકા તા.માળીયા(મી) ની સ્થળ ઉપરથી અટક કરવામાં આવી હતી. પકડાયેલ આરોપીની સઘન પૂછતાછ કરતા તેની પાસેથી બીજુ એક બાઈક હીરો સ્પેલન્ડર પ્લસ મળી આવ્યું હતું જે બાઇક પણ તેણે દોઢેક વર્ષ પહેલા લાલપર ગામ પાસેથી ચોરી કર્યાની કબુલાત આપી હતી. ત્યારે ક્રાઈમ બ્રાંચ પોલીસે આરોપી પાસેથી બે બાઈક જે.આ આર્ક ચોરી કરેલ બાઈક તથા બીજું જે બાઇક તેની પાસેથી મળી આવ્યું તે શકપડતી મિલકત તરીકે કબ્જે લઈ આરોપીને મોરબી તાલુકા પોલીસ મથકમાં સોંપવામાં આવ્યો છે.

# મોરબી જીલ્લા પોલીસ ગણેશ ઉત્સવ તથા ઈદ એ મિલાદના તહેવાર નિમિતે એલર્ટ મોડમાં

## શાંતિ સમિતિ બેઠકો, ફુટ પેટ્રોલિંગ તથા સંવેદનશીલ વિસ્તારમાં સતત ચાંપતો બંદોબસ્ત ગોઠવાયો






**મુખ્ય સમાચાર,મોરબી**

મોરબી સહિત દેશમાં હાલ ગણેશ ઉત્સવ તથા ઇદ એ મિલાદ તહેવાર ચાલી રહ્યો છે. ત્યારે મોરબી શહેર સહિત જીલ્લામાં કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે જીલ્લા પોલીસ એકશન મોડમાં આવી બંને ધર્મના લોકોની શાંતિ સમિતિ બેઠકો, ફોઈટ પેટ્રોલિંગ, સંવેદનશીલ વિસ્તાર સહિત તમામ વિસ્તારમાં ચાંપતો પોલીસ બંદોબસ્ત તેમજ સોશ્યલ મીડિયામાં પણ બાઝ નજર રાખવામાં આવી છે. મોરબી જીલ્લા પોલીસના ઉચ્ચ અધિકારીઓની સૂચના અનુસંધાને હાલ ચાલી રહેલ ગણેશ ઉત્સવ તથા ઇદ-એ મિલાદ તહેવાર અનુસંધાને જીલ્લા પોલીસ સતર્ક થઈ અનેક કામગીરી કરવામાં આવી છે જેમાં મોરબી શહેર તથા જીલ્લામાં ગણેશજીની સ્થાપના કરેલ તે પંડાલોના આયોજકો તથા લઘુમતી સમાજના આગેવાનો સાથે શાંતી સમિતિની મીટીંગો કરવામાં આવેલ, તેમજ તેઓને ખોટી અફવાઓમાં ન આવી સુલેહ-શાંતિ જાળવવા જરૂરી સૂચનાઓ કરવામાં આવેલ હતી. મોરબી જીલ્લાના સંવેદનશીલ વિસ્તારોમાં ફૂટ પેટ્રોલીંગ તેમજ એરીયા ડૉમીનેશન કરી કોઈ અનિચ્છનીય બનાવ ન બને તેમજ સુલેહ-શાંતિ જળવાય રહે તે માટે જરૂરી તકેદારી રાખી પોલીસ બંદોબસ્ત રાખવામાં આવેલ છે. તેમજ વિવિધ પોલીસ સ્ટેશનમાંથી સર્વેલન્સ તથા એલ.આઇ.બી. ઇન્ચાર્જ દ્વારા આવી પ્રવૃતિઓ ઉપર સતત વોચ રાખવામાં આવી રહી છે, તેમજ શહેરમાં લગાવવામાં આવેલ સીસીટીવી કેમેરા તથા સોશ્યલ મિડીયા ઉપર પણ સતત ચાંપતી નજર રાખવા અલગ અલગ ટીમ કાર્યરત કરવામાં આવી છે. તેમ એક યાદીમાં જણાવવામાં આવ્યું છે.

# મોરબી મચ્છુ-૨ નજીક ન્હાવા પડેલ આધેડનું પાણીમાં ડૂબી જતાં મૃત્યુ



મોરબીના મચ્છુ-૨ ડેમ નજીક પાણીમાં ન્હાવા પડેલ મકનસર ગામના આધેડનું પાણીમાં ડૂબી જતા ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસ ટીમ દ્વારા ૮ કલાકની શોધખોળ બાદ આધેડનો મૃતદેહ પાણીમાંથી બહાર કાઢવામાં આવ્યો હતો. મોરબી જીલ્લા ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસ વિભાગમાંથી પ્રાપ્ત માહિતી અનુસાર ગઈકાલ તા.૧૧ સપ્ટે. રોજ મોરબીના મચ્છુ-૨ ડેમ પાસે પાકા બંધવાળા મેલડી માતાજીના મંદિર પાસે પાણીમાં ન્હાવા ગયેલ મકનસર ગામના રમેશભાઈ પરસોતમભાઈ ધોળકીયા ઉવ.૪૫ વાળા પાણીમાં ડૂબી જઈ પાણીમાં ગરકાવ થઈ ગયા હોય ત્યારે મોરબી ફાયર વિભાગને જાણ કરવામાં આવતા ફાયર વિભાગની રેસ્ક્યુ ટીમ તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી ગયી હતી. ત્યારે ૮ કલાકની ભારે જહેમત બાદ રમેશભાઈ ધોળકીયાનો મૃતદેહ પાણીમાંથી બહાર કાઢવામાં આવ્યો હતો ત્યારે લાશનું પીએમ સહિતની આગળની કાર્યવાહી માટે મૃતદેહને સરકારી હોસ્પિટલ ખાતે ખસેડવા તજવીજ હાથ ધરી હતી.

# યુ.ડી.કલબ આયોજીત ઉમા ડાયનેમિક નવરાત્રી મહોત્સવનું જાજરમાન આયોજન

**મુખ્ય સમાચાર,રાજકોટ**

ઉમા ડાયનેમીક કલબ દ્વારા રાજકોટમાં રાષ્ટ્રીય પર્વ દુંદાળા દેવશ્રી ગણપતિ મહોત્સવની ઉજવણી અને સાથે-સાથે અનેકવિધ કાર્યક્રમોની હારમાળા, અયોધ્યા મંદિર પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ નિમિતે રથયાત્રા,બાઈક રેલી ઉપરાંત આશરે ૧૬૦૦૦ લોકો માટે મહાપ્રસાદનું આયોજન આર.એસ.એસ.સાથે મળીને ભાઈ અને બહેનો માટે શસ્ત્ર પૂજન બીઝનેશ લોનાં સેમીનાર સમયાંતરે એજયુકેશન સેમીનાર જેવા કાર્યો થઈ રહ્યા છે.

માઁ આદ્યશકિતની આરાધના માટે યુ.ડી.કલબ આયોજીત ઉમા ડાયનેમિક નવરાત્રી મહોત્સવ ૨૦૨૪ દ્વારા સમગ્ર કડવા પટેલ સમાજનાં ભાઈ-બહેન ખેલૈયાઓ માટે નવરાત્રીનું આયોજન હાથ ધરાયું છે.

રાજકોટના અસહ્ય ટ્રાફીક અને ઘોંઘાટથી દુર બીજા ૧૫૦ ફુટ રીંગ રોડ ઉપર કટારીયા ચોકડીથી મુંજકા તરફ જતા ઓર્બિટ રોયલ ગાર્ડન ખાતે ૨૫ વિઘા જેવી વિશાળ જગ્યામાં ૧,૦૦.૦૦૦ ફુટનું ગ્રાઉન્ડ તો ફકત ખેલૈયાઓ માટે જ બનાવનાર છે. ૧૦ થી ૧૨ હજાર ખેલૈયાઓ રાસ રમી શકશે.આ નવરાત્રી મહોત્સવ ફકતને ફકત કડવા પાટીદાર સમાજનાં ભાઈ-બહેનો પુરતો જ મર્યાદીત રહેશે.

ઉમા ડાયનેમિક નવરાત્રી મહોત્સવ ૨૦૨૪માં ટાઈટલ સ્પોન્સર તરીકે કેડેન્સ સોલાર અને મેઈન સ્પોન્સર તરીકે ગોકુલ નમકીન, રાધે ઈન્ડસ્ટ્રીયલ એરીયા, શ્રી બિલ્ડર્સ ઈટાલીકા સિરામીક વરમોરા વિટ્રીફાઈડ અને ડેકોરા ગ્રુપનો સહયોગ સાંપડયો છે.

આ નવરાત્રી મહોત્સવમાં ખેલૈયાઓને સંગીતનું જોમ પુરુ પાડવા ૧,૫૦,૦૦૦ વોટની જેબીએલ કંપનીની એ ૧૨ સાઉન્ડ સીસ્ટમ (રામદુત સાઉન્ડ) સાથે સિંગર સર્વ યોગીતા પટેલ, મયુર દવે, જયદવે અને ધારા માણેક ખેલૈયાઓ માટે પ્રાચિન અને અર્વાચિન રાસ-ગરબા અને ગીતો રજુ કરી ડોલવા મજબુર કરી દેશે.

કડક સીકયુરીટી તેમજ બાઉન્સ રાખવામાં આવનાર છે. મુખ્ય એન્ટ્રી થી જ માઉથ એનલાઈઝર દ્વારા ચકાસણી કર્યા બાદ જ ગ્રાઉન્ડમાં પ્રવેશ આપવામાં આવશે.

ગ્રાઉન્ડ ઉપર મેડિકલ ટીમ માટે ટેન્ટ અને એમ્બ્યુલન્સ રેડી ટુ રોડ રાખવામાં આવનાર છે. મહેમાન કે ખેલૈયાઓના વાહન જો રસ્તામાં ખરાબ થાય તો તેના માટે મિકેનીક ટીમ પણ કાર્યરત બની યોગ્ય નિરાકરણ કરશે.

સાથે સાથે જે લેડીઝ ખેલૈયા એકલા હોય તેમની સલામતી અને સુરક્ષાને ધ્યાને લઈ તેઓ માટે ગ્રાઉન્ડ જવા-આવવા માટે મદ્યસ્થ કાર્યાલયથી બસની અલાયદી વ્યવસ્થા પણ રાખવામાં આવનાર છે.

ઉમા ડાયનેમિક નવરાત્રી મહોત્સવ ૨૦૨૪માં ફીમેલ સિઝન પાસ ફકત રૂ૫૦૦ જેન્ટસ સિઝન પાસ ફકત રૂ૮૦૦ ૮થી ૧૨ વર્ષના બાળકો માટે સિઝન પાસ ફકત રૂ૩૦૦ અને કપલ સીઝન પાસનાં ફકત રૂ૧૨૦૦ જેવી નજીવી કીમતે કડવા પટેલ સમાજનાં ખેલૈયાઓ માટે રાખવામાં આવેલ છે.





(તસ્વીરઃ આનંદ જાવિયા)

ખેલૈયાઓ માટે પાસ મેળવવા માટેના ફોર્મ મેળવવાનું અને ભરીને પરત કરવા માટે ઉમા ડાયનેમિક નવરાત્રી મહોત્સવ ૨૦૨૪-મધ્યસ્થ કાર્યાલય પાટીદાર ચાક સાધુવાસવાણી રોડ, રાજકોટ ખાતેથી ઉપરાંત રાજકોટ શહેરમાં જુદા-જુદા વિસ્તારોમાં પણ રહેતા લોકો માટે સંતોષ સ્ટેશનરી માર્ટ, શ્રીજી બંગ્લોઝ સોસાયટી, સત્યસાંઈ હોસ્પિટલ રોડ, મો.૯૪૨૮૮૯૧૯૮૮, બાલ્વી પ્રોવિઝન સ્ટોર ન્યુ આશ્રમ રોડ જ્ઞાનગંગા કોમ્પ્લેક્ષ પારૂલ ગાર્ડનની બાજુમાં મો.૯૮૨૫૯ ૯૮૩૫૮ ઉમા ડેકોરેશન રામેશ્વર પાર્ક, ૮૦ ફુટ રોડ સગુન ગાઈનેક હોસ્પિટલ મવડી મો. ૯૨૬૫૧ ૧૧૭૦,પટેલ સ્ટેશનરી એન્ડ ઝેરોક્ષ મેટ્રો સીટીકોમ કોમ્પ્લેક્ષ નાગરીક બેક ચોક, ઢેબર રોડ મો. ૯૪૨૮૪ ૬૭૨૧૮, ડેલાઈટ ટેક્નોલોજી મવડી બાયપાસ રોડ બાપા સિતારામ ચોક પાસે મેઘાણી પરિવાર વાડી, રાજકોટસ પુષ્કરભાઈ પટેલ કાર્યાલય, અક્ષરમાર્ગ ગાયત્રી ડેરી પાસે, ચપ્લા ડ્રાયફુટ એન્ડ ચોકોલેટ ૩૯ સુવર્ણભુમી સ્પીડવેલ પાર્ટી પ્લોટની બાજુમાં, ઉમીયા કોસ્મેટીક એન્ડ કેમીકલ્સ અંબીકા ટાઉનશીપ ૩-કસ્તુરી રેસીડેન્સીની બાજુમાં કડવાણી સુપર માર્કેટની બાજુમાં જીવરાજ પાર્ક મેઈન રોડ, પાર્થ એવન્યુ કસ્તુરી મેઈન રોડ, અંબીકા ટાઉનશીપ,પટેલ ફરસાણ અક્ષર પરીસર સામે જીવરાજ પાર્ક ફેમીલી માર્ટ જયશુભ એપાર્ટમેન્ટ શ્યામ વાટીકાની બાજુમાં ટીએનરાવ સ્કુલ રોડ પટેલ ચોક મો. ખાતે સંપર્ક કરવા એક યાદીમાં જણાવાયું છે.

ઉમા ડાયનેમિક નવરાત્રી મહોત્સવ ૨૦૨૪ને સફળ બનાવવા ટીમ યુડીના એડવાઈઝરી ડાયરેકટ જીવણભાઈ ગોવાણી, રમણભાઈ વરમોરા, શૈલેષભાઈ વશ્નાણી, ગૌતમભાઈ ધમસાણીયા, સંજયભાઈ જાકાસણીયા, પુષ્કરભાઈ પટેલની આગેવાનીમાં ઉમા ડાયનેમિક કલબનાં પ્રમુખ પંકજભાઈ કાલાવડીયા તથા સમગ્ર કમીટી મેમ્બર જહેમત ઉઠાવી રહ્યા છે.

# રાજકોટમાં કોલેરાના વધુ બે કેસઃ સોહમનગર અને લાલપરીનો બે - બે કિ.મી.નો વિસ્તાર કોલેરાગ્રસ્ત જાહેર

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટમાં કોલેરાના વધુ બે કેસ નોંધાતા ચિંતાનું મોજુ ફરી વળ્યું છે. શહેરના સોહમનગર (મોરબી રોડ) તેમજ લાલપરી (ગ્રીનલેન્ડ ચોકડી પાસે) વિસ્તારમાં એક એક કેસ નોંધાતા આ બન્ને વિસ્તારોના બે બે કિલોમીટરના એરીયાને જિલ્લા કલેકટર પ્રભવ જોશીએ કોલેરાગ્રસ્ત જાહેર કરી તા.૯ નવેમ્બર સુધી પ્રતિબંધાત્મક હુકમ ફરમાવી દીધેલ છે.

શહેરમાં અગાઉ કોલેરાના છ કેસ નોંધાયા હતા જે બાદ હવે સોહમનગર (રેલ્વે ક્રોસીંગ)ની બાજુમાં) તેમજ લાલપરી (ગ્રીનલેન્ડ ચોકડી પાસે)ના વિસ્તારમાં કોલેરાનો એક એક મળી આવતા તેના બે બે કિલોમીટરના વિસ્તારના કોલેરા ભયગ્રસ્ત જાહેર કરતું જાહેરનામું પ્રસિધ્ધ કરી કોલેરા નિયંત્રણ અધિકારી તરીકે રાજકોટ મહાનગરપાલિકાના આરોગ્ય અધિકારીની નિયુકિત કરી દેવામાં આવી છે.

લોકોનું સ્વાસ્થ્ય ન જોખમાય અને રોગચાળાની અટકાયતી માટે આ સોહમનગર અને લાલપરીના બે બે કિલોમીટરના વિસ્તારમાં શેરડીના રસના ચીચોડા, ફળોટા ટુકડા કરી તેનું વેચાણ કરવું તેમજ બરફ અને બરફમાંથી બનતી ખાદ્ય ચીજોના વેચાણ પર પ્રતિબંધ ફરમાવી દેવામાં આવેલ છે. તેમજ ફરબના કારખાનેદારોએ બરફ બનાવવા માટે પીવાલાયક પાણી જ વાપરવાનું રહેશે, ખાદ્ય પદાર્થ બનાવવા, કે ઠંડા પીણા માટે બરફનો સીધો ઉપયોગ કરી શકાશે નહીં. પાણી મેળવવા માટે નળ કનેકશનના સ્થળે ખાડા ખોદી પાણી મેળવવામાં પાણી દુર્ષિત થવાની શકયતા રહેલ હોય ખાડા ખોદી પાણી ન મેળવવા તમામ મકાનોમાં ઓવરહેડ અને અંડરગ્રાઉન્ડ પાણીની ટાંકીની સાફ સફાઈ કરવી લેવા તેમજ પીવાના પાણીનો કલોરીનેશન બાદ જ ઉપયોગ કરવા જણાવાયું છે.





આ ઉપરાંત ખાદ્ય પદાર્થના ધંધાર્થી અને વેપારીઓને ફરસાણ, મીઠાઈ, ગોળ, ખજૂર સહિતના ખાદ્ય પદાર્થો ખુલ્લા ન રાખવા તેમજ ખાણીપીણીના સ્થળો, હોટલ-રેસ્ટોરન્ટ, મીઠાઈ ફરસાણની દુકાનો ભોજનાલયોમાં સ્વચ્છતા જાળવવા તથા વાસી ખોરાક ઉપયોગમાં ન લેવા તાકીદ કરાયેલ છે.

# સરગમ કલબ અને અશોક ગોંધિયા મેમોરિયલ ચેરી.ટ્રસ્ટ નાસંયુક્ત ઉપક્રમે રવિવારે સર્વરોગ નિદાન કેમ્પ યોજાશે

## ૧૦ દિવસની દવા , સોનોગ્રાફી,લેબોરેટરી એક્સ-રે, કાર્ડીઓગ્રામ વિનામૂલ્યે કરી આપવામાં આવશેઃઆંખના ચશ્મા તેમજ આંખના ઓપરેશન અને નેત્રમણી વિનામુલ્ય મુકી અપાશે

**મુખ્ય સમાચાર,રાજકોટ**

સરગમ કલબ અને અશોક ગોંધિયા મેમોરિયલ ચેરી.ટ્રસ્ટ નાસંયુક્ત ઉપક્રમે રવિવારે સર્વરોગ નિદાન કેમ્પ કોટક સ્કુલ, મોટી ટાંકી ચોક ખાતે સવારે ૮ વાગ્યાથી યોજાશે આ કેમ્પમાં પ્રમુખ સ્થાન પર વજુભાઈ વાળા (માજી રાજ્યપાલ કર્ણાટક), ઉદઘાટક તરીકે પરસોતમભાઈ રુપાલા (સંસદ સભ્યશ્રી, રાજકોટ), મુખ્ય અતિથિ તરીકે વિજયભાઈ રૂપાણી (માજી. મુખ્યમંત્રી ગુજરાત રાજય), ભાનુબેન બાબરીયા (મંત્રીશ્રી ગુજરાત રાજય), ઉદઘાટ્ક સમારોહના મહાનુભાવો ડો.દર્શિતાબેન શાહ (ધારાસભ્ય રાજકોટ), જયમીનભાઈ ઠાકર (, નંદલાલભાઈ માંડવીયા (આઈ .એન. એમ. ફાઉન્ડેશન), ઈન્દુભાઈ વોરા ( ટ્રસ્ટી - અશોક ગોંધિયા ચેરી. ટ્રસ્ટ) ડો. ભરતભાઈ કાકડીયા (આઈ.એમ.એ. પ્રેસિડેન્ટ ગુજરાત), મુખ્ય મહેમાન તરીકે ચમનભાઈ ઝવેરી (પ્રેમજી વાલજી એન્ડ સન્સ), ચંદ્રકાંતભાઈ શેઠ (ચેરમેન - મહાવીર સેવા ટ્રસ્ટ), હિમાંશુભાઈ શેઠીયા ( જે.વી. શેઠીયા ચેરી. ટ્રસ્ટ), દેવેન્દ્રભાઈ દવે (કમાણી ફાઉન્ડેશન ), પ્રવીણભાઈ વસાણી (રણછોડદસ બાપુ ચેરીટેબલ ટ્રસ્ટ), નવીનભાઈ ઠક્કર (ઉપપ્રમુખ - રાજકોટ કેળવણી મંડળ), ડો. કાંતભાઈ જોગાણી , રાજદીપસિંહ જાડેજા (ઉપપ્રમુખ - રાજકોટ શહેર ભાજપ), રમણીકભાઈ જસાણી (ચેરમેન - આર. બી. કોઠારી નિદાન કેન્દ્ર) ઉપસ્થિત રહેશે.

આ કેમ્પમાં મુખ્ય સહયોગ અશોક ગોંધિયા મેમોરીયલ ચેરી. ટ્રસ્ટ, કમાણી ફાઉન્ડેશન, પ્રેમજી વાલજી એન્ડ સન્સ, મહાવીર સેવા ટ્રસ્ટ અને બાન લેબ્સ તથા રાજકોટ ઈન્ડીયન મેડીકલ એસોસીએશન અને જે.વી.શેઠીયા ચેરી. ટ્રસ્ટ, આર.બી. કોઠારી નિદાન કેન્દ્ર નાં સહયોગ મળેલ છે. આ કેમ્પને સફળ બનાવવા માટે અરવિંદભાઈ પટેલ, ગુણવંતભાઈ ડેલાવાળા, મૌલેશભાઈ પટેલ, હરેશભાઈ લાખાણી તેમજ કેમ્પના ઈન્ચાર્જ ડો. રાજેશભાઈ તેલી, ડો. અમિતભાઈ હપાણી, ડો. રશ્મીભાઈ ઉપાધ્યાય, ડો.પારસભાઈ શાહ, ડો.અતુલભાઈ પંડ્યા, ડો. કમલભાઈ પરીખ, ડો. નવલભાઈ શીલુ તેમજ સરગમ લેડીઝ કલબ ના ડો. ચંદાબેન શાહ, નીલુબેન મહેતા અને ડો. માલાબેન કુંડલીયા તથા જેન્ટ્સ અને લેડીઝ કલબના બને કમિટી મેમ્બરો જહેમત ઉઠાવી રહ્યા છે.

# આજીડેમમાં વૃદ્ધ અને નવાગામના તળાવમાં પ્રૌઢાનું ડુબી જતા મોત

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટમાં જુદા-જુદા બે સ્થળે ડૂબી જવાથી બે લોકોના મોત નિપજ્યા હોવાની ઘટના પ્રકાશમાં આવી છે. જેમાં આજી ડેમ ચોકડી પાસે ભીમરાવનગરમાં રહેતા વૃધ્ધ આજી ડેમમાં ન્હાવા ગયા બાદ પાણીમાં ડૂબી જતાં અને નવાગામ વિસ્તારમાં દેવનગરના ઢોરે તળાવના કાંઠે કપડાં ધોતા પ્રૌઢા ઊંડા પાણીમાં ગરકાવ થઈ જતા મોત નિપજ્યા હતા. વૃદ્ધ અને પ્રૌઢાના મોતથી પરિવારમાં શોકની લાગણી પ્રસરી છે.

જાણવા મળતી વિગત મુજબ, ભાવનગર રોડ પર આવેલા ભીમરાવનગરમાં રહેતા દેવનાથ ઠગભાઈ મહંતો (ઉ.૬૨) નામના વૃધ્ધ ગઈકાલે સાંજે ઘરેથી નીકળી આજી ડેમમાં ન્હાવા ગયા હતાં. દરમિયાન પરત નહીં આવતાં પરિવારજનો દ્વારા તેમની શોધખોળ હાથ ધરવામાં આવી હતી. પરંતુ તેમનો કોઈ પત્તો લાગ્યો ન હતો. બાદમાં આજે સવારે આજી ડેમમાં પાણીમાંથી તેમનો મૃતદેહ મળી આવતાં પરિવારજનો અને આજી ડેમ પોલીસનો સ્ટાફ ઘટના સ્થળે દોડી ગયો હતો. પોલીસે જરૂરી કાર્યવાહી કરી મૃતદેહને પી.એમ.અર્થે સિવિલ હોસ્પિટલે ખસેડી વધુ તપાસ હાથ ધરી હતી. પ્રાથમિક

તપાસમાં મૃતક વૃધ્ધ મજુરી કામ કરતાં હોવાનું અને તેમને સંતાનમાં બે પુત્ર અને ત્રણ પુત્રી હોવાનું જાણવા મળ્યું છે. આ ઉપરાંત બીજા બનાવમાં રાજકોટ પાસે નવાગામ વિસ્તારમાં આવેલા દેવનગરના ઢોરે રહેતા ભારતીબેન ઉર્ફે બબીબેન દિલીપભાઈ બાહુકીયા નામના ૫૦ વર્ષના પ્રોઢા પોતાના ઘર પાસે તળાવના કાંઠે કપડાં ધોતા હતા ત્યારે અકસ્માતે તળાવમાં પટકાયા હતા. પ્રોઢાને તાત્કાલિક બહાર કાઢી બેભાન હાલતમાં સારવાર માટે સિવિલ હોસ્પિટલે ખસેડાયા હતા. જ્યાં ફરજ પરના તબીબે જોઈ તપાસી મૃત જાહેર કરતા પરિવારમાં ગમગીની છવાઈ જવા પામી હતી. આ ઘટના અંગે જાણ થતા કુવાડવા રોડ પોલીસ મતગકનો સ્ટાફ દોડી ગયો હતો.

પોલીસે જરૂરી કાર્યવાહી કરી વૃદ્ધાના મૃતદેહને પોસ્ટ મોર્ટમ માટે મેડિકલ કોલેજ ખાતે ખસેડયો હતો. પ્રાથમિક પૂછપરછમાં મૃતક ભારતીબેન ઉર્ફે બબીબેન બાહુકીયાને સંતાનમાં બે પુત્ર અને એક પુત્રી છે અને ભારતીબેન ઉર્ફે બબીબેન બાહુકીયાના પતિ દિલીપભાઈ બાહુકીયાનું પણ દસ વર્ષ પહેલા ડૂબી જવાથી મોત નિપજયુ હોવાનું જાણવા મળ્યું છે. ઉપરોક્ત બંને બનાવ અંગે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# રાઠોડ પરિવાર ના આંગણે વિઘ્નહર્તા દેવનું સ્થાપન



રાજકોટના રેલ નગર વિસ્તારમાં રહેતા બકુલભાઈ રાઠોડ તથા ભાર્ગવભાઈ રાઠોડ ના આંગણે ગણપતિ દાદા નું વિધિવત સ્થાપન કરાયું છે રાઠોડ પરિવારના સદસ્યો દ્વારા દરરોજ સવારે અને સાંજે વિઘ્નહર્તા દાદાની આરતી તેમજ ભોગ ધરાવવામાં આવે છે રાઠોડ પરિવારના આંગણે બિરાજમાન થયેલા દૂંદાળા દેવના દર્શનાર્થે દરરોજ મોટી સંખ્યામાં ભાવિકો ઉમટે છે દાદાની પધરામણી થી રાઠોડ પરિવારમાં અનેરો ઉત્સાહનો માહોલ છવાયો છે

## થાનગઢમાં ધરમ પાર્કકા રાજા ગણપતિ મહોત્સવની ઉજવણી



થાનગઢઃ ગણેશ ચતુર્થી ના દિવસ થી ધરમ પાર્ક સોસાયટી ખાતે ધરમ પાર્ક કા રાજા એવા ગણેશ જી નું સ્થાપન કરવામાં આવ્યું હતું.ભગવાન ને રોજ અલગ અલગ શણગાર કરવામાં આવે છે તથા નિત્ય સવાર સાંજ આરતી સમયે ગણેશ જી ને પ્રસાદ પણ ધરાવવામાં આવી રહ્યો છે.દસ દિવસ સુધી ભગવાન ના દર્શન શરૂ રહેશે.આ ગણેશ જી ના સ્થાપન નું પ્રથમ વરસ છે. અત્રે ઉલેખનીય છે કે ધરમ પાર્ક કા રાજા એવા ભગવાન ના તમામ પ્રકારના સંચાલન મહિલાઓ દ્વારા કરવામાં આવી રહ્યા છે.

# દેશીદારૂનો જથ્થો રૂા.૧ લાખનો અને વિદેશી દારૂનો જથ્થો રૂા.૨.૫૦ લાખનો હશે તો જ કવોલિટી કેસ ગણાશે

બે દાયકામાં ત્રણ- ત્રણ પગાર પંચ, દોઢસો ગણુ મોંઘવારી ભથ્થુ લેનારા ગુજરાત સરકારના નીતિ નિર્ધારકો, અધિકારી-પદાધિકારીઓને ૧૯ વર્ષે દેશી દારૂની પોટલીની કિંમત પાંચ રૂપિયાથી વધીને રૂ.૫૦ અને વિદેશી બોટલની કિંમત રૂ.૨૦૦થી વધી બે- પાંચ કે દસ હજારે પહોંચ્યાની હવે ખબર પડી રહી છે. દારૂબંધીના અમલ માટે પોલીસ તંત્રમાં પક્વોલિટી કેસથ અંગે ૧૫ સપ્ટેમ્બર ૨૦૦૪ની વ્યાખ્યામાં ગૃહ વિભાગે ૯ સપ્ટેમ્બર ૨૦૨૪ના રોજ સુધારો જાહેર કરતા એક- દોઢ દાયકાથી ચાલતુ આખુય ધુપ્પલ બહાર આવ્યુ છે. ગુજરાતમાં અત્યાર સુધી કોઈ પોલીસ સબ ઈન્સ્પેક્ટર, ઈન્સ્પેક્ટર કે પછી લોકલ ક્રાઈમ બ્રાંચ, સ્ટેટ વિજિલન્સ કે અન્ય એજન્સી રૂ.૧૫ હજાર કે તેથી વધુ દેશી દારૂ જપ્ત કરે તો તે ક્વોલિટી કેસ ગણીને આવા અફસરની પ્રશિસ્તિ કરવામાં આવતી હતી, પ્રશંસાપત્ર સાથે સરપાવ પણ આપવામાં આવતો હતો. વિદેશી દારૂના કિસ્સામાં આવી મર્યાદા માત્ર રૂ.૨૫ હજારની હતી ! વિતેલા દોઢ- બે દાયકામાં દેશી-વિદેશી દારૂની કિંમતમાં ૧૦થી ૫૦ ગણો વધારો થયો હોવા છતાંય ૧૫ સપ્ટેમ્બર ૨૦૦૪ની વ્યાખ્યાને આધારે જ સેંકડો અફસરોને સરપાવ આપ્યા બાદ હવે ગૃહ વિભાગે તેમાં સુધારો કર્યો છે. સંયુક્ત સચિવ આનંદ બિહોલાની સહી સાથે પ્રસિધ્ધ ઠરાવમાં ક્વોલિટી કેસ માટેની દેશી દારૂની કિંમત પ્રતિ લિટરે રૂ.૨૦૦ અને વોશની કિંમત પ્રતિ લિટરે રૂ.૨૫ ઠેરવાઈ છે. સાથે જ રૂપિયા એક લાખનો દેશી દારૂ જે કોઈ પકડશે તેનો કેસ ક્વોલિટી ગણાશે એવુ જાહેર કરાયુ છે. એ જ રીતે વિદેશી દારૂના ક્વોલિટી કેસમાં પણ રૂ.૨૫ હજારની મર્યાદા રદ્દ કરીને રૂપિયા અઢી લાખનો જથ્થો કરવામાં આવી છે.

# રેલનગર અને શિવધામ સોસાયટીમાં જુગાર રમતી પાંચ મહિલા સહિત ૧૬ની ધરપકડ

પ્ર.નગર પોલીસ મથકના પીઆઈ બી.એમ.ઝણકાટના માર્ગદર્શન હેઠળ પ્ર.નગર પોલીસ સ્ટાફ પેટ્રોલીંગમાં હતો. દરમિયાન રેલનગરમાં આવેલી છત્રપતિ શિવાજી ટાઉનશીપમાં બ્લોક નં.એફ/૨૦૨ રહેતા ભક્તિબેન જેન્તીલાલ રાજગોર નામની મહિલા પોતાના મકાનમાં જુગારધામ ચલાવતી હોવાની ભાતમીના આધારે પોલીસે દરોડો પાડી જુગાર રમતા મકાન માલીક ભક્તિબેન રાજગોર ઉપરાંત ભાવનાબેન ઈલેશભાઈ ગોહિલ, અંજુબેન ચંદુભાઈ રાઠોડ, રૂપલબેન સંજયભાઈ માણેક, હંસાબેન ડાયાભાઈ ડાવેરા, કિશોરભાઈ મેઘુમલભાઈ તેલવાણી, ઉમર અદ્દારખાભાઈ બ્લોચ, નિલેશ મનહરભાઈ ભાસ્કર, હનીફ જમાલભાઈ ભાવડ અને ધીરૂભાઈ લક્ષ્મણભાઈ કોરીયાને ઝડપી લઈ પટમાંથી રૂ.૧૦,૫૦૦ની રોકડ કબજે કરી હતી. આજી ડેમ પોલીસે કોઠારીયા ગામ નજીક આવેલી શિવધામ સોસાયટી શેરી નં.૩માં રહેણાંક મકાનમાં દરોડો પાડી જુગાર રમતા ભરત પ્રેમજીભાઈ ગોસ્વામી, ગોપાલ ભીખાભાઈ પરાડીયા, અશ્વિન છગનભાઈ ગોસ્વામી, જગદીશ જેન્તીભાઈ કાપડીયા, કલ્પેશ હેમંતભાઈ લોઠીયા અને મોહન દેવજીભાઈ સિધ્ધપરાને ઝડપી લઈ રૂા.૨૩૬૫૦ની રોકડ કબજે કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

# બાબરીયા કોલોની પાસે હોટલે ચા પીતા યુવાનનો શ્વાસ થંભી ગયો

શહેરના કોઠારીયા રોડ પર હુડકો પોલીસ ચોકી પાસે રહેતો પરપ્રાંતિષ શ્રમિક યુવાન કારખાનામાં બુધવારની રજા હોવાથી આંટો મારવા નીકળ્યો હતો અને બાબરીયા કોલોની પાસે ચાલીને ચા પીવા હોટલે જતો હતો ત્યારે રસ્તામાં જ હાર્ટએટેક આવતાં ઢળી પડતાં તેનું મોત નિપજ્યું હતું. જાણવા મળતી વિગત મુજબ, મુળ બિહારનો વતની અને હાલ કોઠારીયા રોડ પર હુડકો પોલીસ ચોકી પાછળ અરવિદ મણિયાર સોસાયટીમાં રહેતો સુરજીત રામલખન પંડીત (ઉ.૩૯) નામનો યુવાન આજે બુધવાર હોવાથી કારખાનામાં રજા હોય જેથી આંટો મારવા માટે ગામમાં નીકળ્યો હતો. દરમિયાન બાબરીયા કોલોની શેરી નં.૧માંથી ચાલીને હોટલે ચા પીવા માટે જઈ રહ્યો હતો ત્યારે અચાનક બેભાન થઈ ઢળી પડતાં તેને સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. જો કે સારવાર મળે તે પહેલા જ તેનું મોત નિપજ્યું હતું. પ્રાથમિક તપાસમાં તબીબો દ્વારા હાર્ટએટેક આવી જતાં મોત થયાનું જણાવ્યું હતું. આ અંગે સિવિલ ચોડીના સ્ટાહે પ્રાથમિક નોંધ કરી ભક્તિનગર પોલીસને જાણ કરતાં પોલીસે હોસ્પિટલે કોડી જઈ જરૂરી કાર્યવાહી હાથ ધરી છે.

# અકસ્માતે યુવાનના મૃત્યુના કેસમાં વીમા કંપનીને રૂા.૬૧.૫૦ લાખનું વળતર ચુકવવા હુકમ

રાજકોટ ભાવનગર હાઈ-વે પર મહીકા ગામે રોડ પર ઉભલા ટ્રકની પાછળની સાઈડ બાઈક ઘૂસી જતાં કશ્યપ પંડયા નામના યુવકનું મોત નિપજ્યું હતું. મૃતકના વારસદારો દ્વારા કરવામાં આવેલા કલેઈમ કેસમાં અદાલતે ટ્રકની વીમા કંપનીને રૂ. ૬૧ લાખ વળતર ચૂકવવા આદેશ કર્યો હતો. નારોજ રાત્રીના ૧:૩૦ વાગ્યે ગુજરનાર કશ્યપભાઈ પ્રદિપભાઈ પંડયા (ઉ.વ.૨૮) પોતાના હિરોહોન્ડા મોટર સાઈકલ લઈને ગઢકા ગામથી ઘરે પરત ફરતા હતા.ત્યારે રાજકોટ-ભાવનગર હાઈવે પર આવેલા મહીકા ગામ પાસે કોઈપણ પાર્કિંગ લાઈટ, ઈન્ડીકેટર આપ્યા વગર ટ્રક નં.જી.જે. ૩૬. વી. ૨૧૫૫ના ચાલકે ગેરકાયદેસર રીતે રોડ પર પાર્ક કરી દીધો હતો.

# સર્વેશ્વર ચોક તેમજ શાસ્ત્રી મેદાનમાં ગણપતિ મહોત્સવ નું જાજરમાન આયોજન




(તસ્વીરઃ આનંદ જાવિયા)

ગુજરાત સહિત દેશભરમાં ગણેશ મહોત્સવને લઈને લોકોમાં ઉત્સાહ જોવા મળી રહ્યો છે. ગણેશ મહોત્સવ દરમિયાન ગણપતિની પૂજાનું વિશેષ મહાત્મ્ય હોય છે ત્યારે રાજકોટમાં પણ સર્વેશ્વર ચોક ખાતે ભવ્ય ગણપતિ મહોત્સવનું બેનમૂન આયોજન કરવામાં આવ્યું છે. તા. ૭થી ૧૭ દરમિયાન ભવ્ય આરતી, સાંસ્કૃતિક કાર્યક્રમો તેમજ વિવિધ કાર્યક્રમોની વણઝાર સર્વેશ્વર ચોક ખાતે થશે. જેમાં મોટી સંખ્યામાં લોકો શ્રી ગણપતિના દર્શનાર્થે આવી ધન્યતા અનુભવશે. રાજકોટ સહિતસમગ્ર દેશમાં વિઘ્નહર્તા દાદા ની ધૂમ મચી છે શેરના અનેક વિસ્તારોમાં વિઘ્નહર્તા દેવનું આસ્થાભેર સ્થાપન કરાયુ છે શાસ્ત્રી મેદાન તેમજ સર્વેશ્વર ચોકમાં પણ ગણેશ મહોત્સવનું જાજરમાન આયોજન કરવામાં આવ્યું છે શાસ્ત્રી મેદાન ખાતે શ્રી બાલાજી એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા એજ્યુકેશન કા રાજા તેમજ સર્વેશ્વર ચોક ખાતે સર્વેશ્વર ચોકકા રાજા ગણેશ મહોત્સવ નું આયોજન કરવામાં આવ્યું છે આ ગણપતિ મહોત્સવના દર્શન નો લાભ દરરોજ હજારો લોકો લઈ રહ્યા છે.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

